# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

મારું હૃદય ના ફાવે તો કહેજો મને,
કોઈ આંગણું બોલાવે તો કહેજો મને.

મારા પછી ને મારા પહેલાંનો સમય,
જો દિલ કદી સરખાવે તો કહેજો મને.

આ હાથને ચૂમ્યો હતો જેણે કદી,
એ શેર પણ સમજાવે તો કહેજો મને.

મારા પછી આ ગામ વચ્ચેની નદી,
કોઈ આંખથી છલકાવે તો કહેજો મને.

સંદીપસિંહ ચાવડા

## પાથેય

- રમેશ ઠક્કર

# સરી જતી ક્ષણો..

દરેક ઉંમરનો એક તકાદો હોય છે.આપણે એની આગળપાછળ જીવીએ છીએ..નાના હોઇએ ત્યારે આપણને યુવાન થવું ગમતું હોય છે..વડિલ જેવી અદાઓ કરવી ગમે છે..ઘરની ચર્ચાઓમાં પરાણે સામેલ થવાની તાલાવેલી થતી હોય છે..જવાબ મળે છે "હજુ તું નાનો છે,તને ખબર ના પડે !" થોડાક મોટા થઇએ..એ રીતે સ્વીકૃતિ મળે એ પછી આપણને નાનપણ યાદ આવે છે..એ વખતનાં લાડ પ્યાર ફરીથી કોઇ કરે એવી અભિપ્સા થાય છે..જવાબ મળે છે.."હવે તું નાનો કીકલો નથી !' ઉંમરની આવી તડકીછાંયડી અને એમાંથી પ્રગટતી અવનવી છાયાઓ,શેડસ્ ની મજા હોય છે..લુખીસુકી આપણી જિંદગીનો એ ધબકાર હોય છે !

નાનાં નાનાં છળ કે વય છુપાવવાની કળા અને એનો રોમાંચ પણ ગજબ હોય છે..આપણે જયારે ચાલીસના હોઇએ છીએ ત્યારે આપણને કોઇ ઉંમર પૂછે તો આડત્રીસ કહેવાની એક અનોખી મજા આવતી હોય છે..પિસ્તાલીસ પાર કર્યા પછી ચાલીસ કહેવાનો આનંદ પણ એટલો જ મબલખ હોય છે..! વય વહે છે એમ આપણો લગાવ પણ વધે છે વિતેલા દિવસો માટે..જિંદગી રિવાઇન્ડિંગ મોડમાં જીવી શકાતી નથી અને આપણી એ તીવ્ર ઇચ્છા હોય છે  કે સરી ગયેલી ક્ષણોનો સહવાસ ફરી મળી જાય !

સમયનું ચક્ર હોય છે..એ ગોળાકાર ફરતું રહે છે..આપણે એવા ભ્રમમાં રહીએ છીએ કે વિતેલો સમય ગોળ ફરીને ફરીથી આપણી સામે આવશે ! પણ નજાકત એ છે કે સમયના વર્તુળમાં નવું નવું ઉમેરાતું જાય છે..નવા માણસો,નવો અસબાબ, નવા સંબંધો, નવાં ગીત, નવી કવિતાઓ, નવા રસ્તાઓ..સમય ફરતો રહે છે..રોકાતો નથી..આદમી ઠીક સે દેખ પાતા નહીં..ઔર પરદે પે મંઝર બદલ જાતા હૈ !

આમાં આપણો દોષ પણ નથી..વહેતા સમયની સાથે તાલમેલ સાધતા રહેવું એ પણ એક પ્રકારની સાધના છે..કોઇ આપણને પહેલી વખત કાકા કે માસી કહી સંબોધે ત્યારે એક ઝટકો લાગતો હોય છે..દસેક વરસ પહેલાં એક રેડીમેડ કપડાંના શો રૂમમાં એક સરસ ટી શર્ટ મને ગમી ગયું..કંઇ બોલું એ પહેલાં યુવાન સેલ્સમેન સહસા બોલ્યો ' અંકલ એ યંગસ્ટર માટે છે.." ત્યારે ખબર પડી કે ઉંમર કેટલા સ્વરૂપે દેખાતી હોય છે !

આપોઆપ ચાડી ખાતો ચહેરો અને અતીતને વાગોળતું ભાવુક મન..સમયના બદલાતા રંગ કે પ્રસંગને સહજ નહીં માનતું આપણું ઉર્મિજગત..આપણી અધુરી ખેવનાઓ..પરિકલ્પનાઓ..અને અતૃપ્તિઓનો આસવ વળીવળીને આપણને વળગાડી રાખે છે સરી જતા સમય સાથે..! સરી ગયેલા સમયની તસવીર જોઇ માણસને એક સરખી લાગણી થતી હોય છે કે પોતે કેવો સરસ લાગતો હતો..કેટલા મસ્ત હતા એ દિવસો..! હવે એવો સમય નહીં આવે...આવી લાગણી એ બીજું કંઇ નથી પણ વહેતા જીવનપ્રવાહનું એક હલેસું માત્ર છે !

# ફર્ઝી : જાલી નોટોનો કારોબાર






**મન-રંજન**
દ્વનિલ પારેખ

'હૈદર' અને 'કબીરસિંઘ' જેવી ફિલ્મોના અભિનય દ્વારા શાહિદ કપૂરે પોતાની અભિનય ક્ષમતાનો પરિચય આપ્યો છે. બધા જ અભિનેતાઓ ધીમે ધીમે ઓપન પ્લેટફોર્મ પર વેબસિરીઝમાં ઝંપલાવી રહ્યા છે. ત્યારે શાહિદ કપૂર અભિનિત વેબસિરીઝ 'ફર્ઝી' પ્રાઈમ એમેઝોન પર આવી છે અને વેબસિરીઝ જુદા વિષયને લઈને આવી છે.

ક્રિષ્ના કે.ડે. દિગ્દર્શિત આ સિરીઝ નકલી કરન્સીને કેન્દ્રમાં રાખે છે. આ પહેલા આ દિગ્દર્શક ધ ફેમિલી મેન, સ્ત્રી, ગો ગોઆ ગોન, ગન્સ એન્ડ ગુલાબ જેવી વેબસિરીઝ અને ફિલ્મો બનાવીને પોતાની દિગ્દર્શક તરીકેની ક્ષમતાનો પરિચય આપ્યો છે. શાહિદ કપૂર ઉપરાંત આ વેબસિરીઝમાં દક્ષિણના અભિનેતા વિજય, સત્પથી, ભુવન અરોરા, અમોલ પાલેકર, જશવંત દલાલ, રાશિ ખન્ના અને કે.કે. મેનન વિવિધ ભૂમિકાઓ ભજવે છે.

સની (શાહિદ કપૂર) પોતાના નાના (અમોલ પાલેકર)નું પ્રિન્ટિંગ પ્રેસ બચાવવા માગે છે. પોતે સરસ આર્ટીસ્ટ છે. 'ક્રાંતિ' નામનું અખબાર ચલાવીને ક્રાંતિ લાવવાના સપના જોનાર નાનાને છેલ્લે પ્રિન્ટિંગ પ્રેસ વેચવાનો વારો આવે છે. સની એ અટકાવવા માગે છે. પણ એટલા રુપિયા લાવવા ક્યાંથી ! રુપિયા બચાવવા રૂપિયા બનાવવાનો એટલે કે નકલી કરન્સી બનાવવાનો કિમીયો એ ગઢી કાઢે છે અને પોતાના મિત્ર ફિરોઝ (ભુવન અરોડા)ની મદદથી નોટો છાપીને નાનાનું પ્રિન્ટિંગ પ્રેસ બચાવે છે.

બીજી બાજું ઈમાનદાર ઈન્સ્પેકટર (વિજય સત્પથી) નકલી નોટનું આખું રેકેટ તોડવા માંગે છે. એ માને છે કે, નકલી નોટ જ આતંકવાદથી માંડીને તમામ સમસ્યાઓની જડ છે. દેશનું અર્થથંત્ર એનાથી ભાંગી પડે છે, એટલે એ લાગી જાય છે. પોતાના મિશન પર અને એમાં આરબીઆઈની એક અધિકારી (રાશિ ખન્ના) પણ મદદ કરે છે. સની સિવાયા આ કારોબારમાં પહેલોથી કે.કે. મેનન પણ છે એટલે હવે એ બંને જણા દુશ્મન બને છે. ઈન્સ્પેકટરે બીડું ઝડપ્યું છે, કે જાલી નોટોનો આ કારોબાર એ ખથમ કરીને જ રહેશે.

'વેબસિરીઝ' એટલે ભાષા પર કોઈ પ્રતિભંધ નહીં. અહીં પણ બિનજરૂરી રીતે પુષ્કળ ગાળો બોલવામાં આવે છે. 'જબ જેબ મેં પૈસા નહીં હોતા તબ સબ જગહપૈસા નજર આતા હૈ' જેવા ચોટદાર સંવાદો આ વેબસિરીઝનો પ્રાણ છે. દિગ્દર્શકના ચમકારા પણ આખી સિરીઝમાં દેખાય છે. આ વિષયમાં જેને રસ હોય એને આ વેબસિરીઝમાં અવશ્ય રસ પડશે.

# ફેંગશુઈમાં વિવિધ સ્રોત



**વાસ્તુ અને ફેંગશુઈ**
હિતેશ પટેલ

૧-કુબેર ની મૂર્તિ કે રંગીન ચિત્ર- કુબેર સંપત્તિના દેવતા ગણાય છે. તે ધન સંપત્તિ વધારનાર ગણાયા છે. તે હેતુથી ઘર કે ઓફિસમાં કુબેરની મૂર્તિ રાખવી ખૂબ જ શુભ ગણાય છે. કુબેરની મૂર્તિ પૂજા સ્થાન અથવા તો ઉત્તર દિશામાં રાખી શકાય છે. જેથી ધન સંપત્તિ ટકે છે અને તેમાં વૃદ્ધિ થાય છે.ભગવાન કુબેર અમર્યાદિત ધનસંપત્તિ અને સમૃદ્ધિ મેળવવાના આધાર ગણાય છે.રામાયણ ના પ્રાચીન વૈદિક પુસ્તક અનુસાર કુબેર સોનાની લંકા બનાવી હતી જે તેના નાનાભાઈ રાવણ દ્વારા લેવામા આવી હતી .આમ તમામ પ્રાચીન ગ્રંથો અનુસાર સંપતિ મેળવવામાં કુબેર સાધન નો ઉપયોગ થાય છે.આ જોતા કુબેર ભગવાન પૃથ્વી ઉપર ના તમામ ખજાના અને સંપતિ ના ભગવાન છે.તેઓ પૃથ્વી ના પેટાળ માં રહેલી દાવા વગર ની સંપતિ પર પણ સાશન કરે છે.આમ જોતા કુબેર ભગવાન ની મૂર્તિ ઘર માટે અનન્ય શણગાર છે.

૨-સ્ફટિક બોલ- સ્ફટિક બોલ એ ખૂબ જ સુંદર ક્રિસ્ટલ કાચની








રચના છે જે પોઝિટિવ એનર્જી ને રિલીઝ કરે છે. સ્ફટિક બોલને દક્ષિણ પશ્ચિમ દિશામાં કે ઘરના મધ્ય સ્થાનમાં રાખવામાં આવે તો પોઝિટિવ એનર્જી ફેલાવી શકાય છે. જ્યારે વ્યક્તિ ખૂબ જ પરેશાન કે મન અશાંત હોય ત્યારે આ ક્રિસ્ટલ બોલ ઉપર એટલે કે સ્ફટિક ઉપર પોતાનો ધીરે ધીરે હાથ ફેરવતા તેનામાં પોઝિટિવ એનર્જી નો સંચાર થાય છે. મન શાંત થાય છે.ઓફિસ અને ઘરમાં તેનો પ્રયોગ કરી શકાય છે.ઓફિસ ટેબલ ઉપર અને અભ્યાસના ટેબલ પર પણ તેને મૂકી શકાય છે.જીવનમાં સફળતા મેળવવા માટે સ્ફટિક બોલ ઘર કે ઓફિસમાં મૂકી શકાય છે.સ્ફટિક બોલ સ્ટોન શરીર નું તાપમાન જાળવી રાખે છે અને શરીર ને ઠંડુ રાખે છે.આ પત્થર સહસ્ત્રાર ચક્ર અથવા ક્રાઉન ચક્ર સાથે સંકળાયેલ છે.તે સ્ટ્રેસ બસ્ટર તરીકે કામ કરે છે.તે વ્યક્તિ ને નીરસતા અને આળસ માંથી છુટકારો મેળવવામાં મદદ કરે છે.શરીર ના સાત ચક્રો ને નિયંત્રિત અને શાંત કરે છે.ભાવનાઓ ને સંતુલિત કરી ને પ્રેમ અને એકતા લાવે છે.સમગ્ર શરીર માં લોહી અને ઉર્જા ના પ્રવાહ ને યોગ્ય સુનિશ્ચિતતા આપે છે.તે મગજ ના કાર્ય ને વધારે છે અને યાદશક્તિ અને બૌધીકતા માં સુધારો કરે છે.સ્ફટિક બોલ ને નકારાત્મક શક્તિ થી મુક્ત રાખવા માટે અને સકારાત્મક ઉર્જા આકર્ષિત કરવા માટે નિયમિત પણે સ્વચ્છ પાણી થી ધોવા જોઈએ.

૩-કપૂર લેમ્પ- કપૂર લેમ્પ આપણને ઈલેક્ટ્રીક લેમ્પ તરીકે તેમજ દીવો સળગાવીને પણ ઉપયોગ કરી શકાય તેવા મળે છે. મુખ્ય ઉપયોગ સુગંધિત પદાર્થ કપૂરનો છે. કપૂર લેમ્પમાં  કપૂરનો ઉપયોગ કરવાથી કપૂરની સુગંધ ફેલાય છે.  આજુ-બાજુની નકારાત્મક ઊર્જા દૂર થઈ સકારાત્મક વાતાવરણ પેદા થાય છે. કપૂર લેમ્પ નો ઉપયોગ વાસ્તુ અને રેઈકી મા ખૂબ જ મહત્વનો છે.કપૂર લેમ્પમાં જો દીવો કરવાની સુવિધા વાળો લેમ્પ હોય તો સરસવનું તેલ અથવા તો તલના તેલનો ઉપયોગ કરી શકાય .કપૂરની સુગંધથી વાતાવરણ પ્રફુલિત અને સ્વચ્છ બને છે.આરોગ્યપ્રદ વાતાવરણ નું નિર્માણ થાય છે.ચિંતા અને તાણ દૂર થાય છે.ઘર માં કપૂર સળગાવવાથી મેલેરિયા અને ડેન્ગ્યું ના મચ્છર દૂર કરી શકાય છે.તે મચ્છરો ને ભગાડે છે.કપૂર સળગે છે ત્યારે તેનો ધુમાડો મેન્થોલ જેવી તીક્ષ્ણ એવી શક્તિ ધરાવે છે જે હિલીંગ ઉર્જા મુક્ત કરી ને આપના આસપાસ ના વાતાવરણ ને પવિત્ર કરે છે.જીવાણું અને કીટાણું નો નાશ કરે છે.સકારાત્મક વિચારો લાવે છે અને નકારાત્મકતા દૂર કરે છે.પિતૃદોષ અને કાલસર્પ દોષ ના ઉપાય તરીકે પણ વપરાય છે.

-hits8483@gmail.com

# દાવ પર મૂકે સઘળું, કેટ કેટલા પડકાર ઝીલ્યાં કરે, ને સપનાઓ વેતાળ થઈ ખભે લટકયા કરે એમ પણ બને



**એમ પણ બને !**
પારૂલ અમિત

આજકાલ યુવાન લોકોને આવતો હાર્ટ એટેક અને તેની પાછળ રહેલી જવાબદાર  સ્ટ્રેસફુલ લાઇફ... આજનો આ ટોપિક આપ્યો છે, લેખિકા પૂજા કાનાણી એ.. આ હાલત માટે જવાબદાર કોણ છે?

કદાચ આપણે પોતે જ, અને આપણી આસપાસનું વાતાવરણ.. આધુનિક જીવનમાં જો કોઈ મોટી સમસ્યા હોય તો એ છે ડર , તણાવ  અને હતાશા. આપણને આપણાં  ફેમિલી ને ડર છે કે  આપણું જીવન કેવું હશે? ભણવામાં હોશિયાર રહેવું, કારકિર્દીમાં અને લગ્ન જીવનમાં સફળ રહેવું. આ બધા વિચારો ને લીધે આપણામાં ડર , હતાશા અને તણાવ જોવા મળે છે.

વાતે વાતે ભવિષ્યની ચિંતા.... આપણે વર્તમાન સમયને માણી જ શકતાં નથી. કારણ આપણને કોઇએ વર્તમાનમાં જીવતાં શીખવ્યું જ નથી.

બધું જ મેળવી લીધાં પછી પણ ચિંતા અને હતાશા અનુભવ્યા કરે છે માણસ. કારણ આપણે આપણા માટે કશું કરતાં નથી બીજા માટે , બીજાને દેખાડવા કે મા બાપ ને પસંદ છે એટલે. પોતના માટે જયારે કોઈ કાર્ય કરવામાં આવે, કે પોતાને ગમતું કરવામાં આવે તો હતાશા નજીક આવે જ નહીં. જે કારકિર્દી ગાંડા બનીને  મેળવી હોય, રાત દીવસ મહેનત કરીને એ મળી જાય પછી પણ ચિંતા.. એનું કારણ શું હોઈ શકે?

કારણ એ આપણું મનગમતું નહી હોય અથવા આપણે કામ કાજ દરમ્યાન પણ  ભવિષ્યની ચિંતા કરી રહ્યાં હોઈશું. જો  થાક,ત્રાસ અને અસ્વસ્થતા આપણાં  દૈનિક જીવનને અસર કરવાનું શરૂ કરી દે ત્યારે  સમજી જવાનું કે આપણે જાગી જવાની જરુર છે. અને એ પરિસ્થિતિ, એ  સમયને સકારાત્મતા માં ફેરવી દેવાની જરુર છે.

યુવાનોમાં આ  કંઇક મેળવી લેવાની લાલસા, પૈસા અને સ્ટેટ્સ વાળી જિંદગી  મેળવવાની ચાહના માત્ર દુઃખ , ચિંતા નોતરે છે અને જિંદગી જીવવાનો સમય આવે ત્યારે ડાયાબિટીસ, એટેક .. જેવાં અનેક રોગો પગ પેસારો કરી ચૂક્યા હોય છે.

જો  સતત ચિંતિત હોવ તો એવી  પરિસ્થિતિઓને ટાળો જે ચિંતા કરાવે છે..

શું મળશે સફળતા મેળવી ને.. સામાન્ય જીવન જીવવું એ વધું હિતાવહ છે ચિંતા, ટાર્ગેટ કે ટોપ પર રહેવાની ઘેલછા. જો  સફળતા મેળવીને પણ માત્ર તણાવ, થાક અને રોગ મળે તો શું કામનું ? આપણી આજીબજુના લોકોને  આપણું  શ્રેષ્ઠ  બતાવવું જરૂરી છે? શા માટે અવ્વલ અને ચડિયાતું દેખાવવું હોય છે, બીજા માટે.. જે ક્ષણે  આપણે પોતાના માટે જીવવાનું શરુ કરીશું એ  ક્ષણે  આપણે આપણી અંદર એક અનોખું સુખ અનુભવશું. અને આપણું સ્વસ્થ શરીર અને  ચિંતા મુક્ત મન થી વધું સફળતા કઇ હોઈ શકે આપણાં જીવનની.

આપણે જીવનમાં  સફળ છીએ કે નહીં તે કોણ નક્કી કરે છે?  શા માટે આપણે પૈસા, સ્ટેટ્સ ને સફળતા સાથે જોડીએ છીએ. સફળતા કેટલાં સમય માટે  ટકાઉ છે, એ જાણવા મળી શકે ખરું? સફળતાં પ્રાપ્ત કર્યા પછી એને પચાવી રાખવાના મોટવેશનલ  પ્રોગ્રામ જોવાના? શું કામ આપણે આંધળી દોટ મૂકીએ છીએ.

બે  વ્યકિત ભેગાં થાય અમુક મિનિટ માટે ત્યારે એમની વાતચીતમાં શું હોય છે? ખડખડાટ હસીને છૂટા પડે એવી વાતો હોતી જ નથી, હોય છે માત્ર એવું કે , મારો દિકરો એકસ, વાય ઝેડ કંપનીમાં જોબ કરે છે, એનો લાખોમાં પગાર છે,  અને મારી દીકરી  તો આટલાં માર્કસ લાવી.

પણ એ દીકરો શું એના કામથી સંતુષ્ટ છે? જો ભૂલ થી એ રીઝાઈન કરવાનો વાત કરે તો  ઘરમાં જાણે પહાડ તૂટી પડે. અને દીકરી એમ કહે કે આ ડિગ્રીમાં મજા નથી મને કોર્ષ બદલવો છે તો જાણે કંઇક ગુનો કર્યો હોય એવું વર્તન  કરવા લાગે ફેમિલીમાં બધાં સભ્યો.

અને પાછી આ યુવાનોમાં શરૂ થઈ જાય તણાવ, અજંપો, થાક, ડિપ્રેશનની એવી સ્થિતિ જેવાં આત્મહત્યા કરવા સુધીના વિચારો અને હાર્ટ એટેક જેવાં અનેક કિસ્સા.

આધુનિક જીવન આટલું તણાવપૂર્ણ કેમ છે? શું એવું નથી લાગતું કે આપણે જ એનાં માટે જવાબદાર છીએ.  "સફળતા" નું માપ દંડ શું ? સફળતાની સફર વેદના, તણાવ જ છે?

આપણે ઓછું કમાતાં પણ સુખી રહેતાં, પરીવાર સાથે જમવાનો સમય ફાળવતા લોકોને કયા  આધારે માપીએ છીએ.  આપણા લિસ્ટમાં આવા સંતુષ્ટ અને સુખી પરીવાર વાળા લોકો આવતાં જ નથી.

મેં જોયું છે કે સામાન્ય રીતે સફળ લોકો વધુ તનાવપૂર્ણ હોય છે અને જે લોકો એટલા સફળ નથી તેમના કરતા વધારે વેદના ભોગવે છે.

ચાલો આજના યુવાનોને સાચી સમજ આપીએ અને આપણે આપણી મહત્વકાંક્ષા માટે આપણા પરિવારનાં સભ્યોને આ રોગથી પીડાતા બચાવીએ.

જીવનનું સાચું સુખ ક્યાં મળી રહે એ શીખીએ અને શીખવીએ.

Parulamit198@gmail.com
૭૨૦૧૦૦૧૪૮૨

# "મૃગેશ તું આઉટ થઈને પણ ૧૦૨ નોટ આઉટ છો"



**જાત સાથે વાત**
ધર્મેન્દ્ર ત્રિવેદી

ના, મારે તારો હાથ છોડવો નહોતો! તું ભલે અભાન હતો, પરંતુ હું તો સભાન હતો ને ? પણ કાળના ક્રુર પંજાની થપાટે તારો હાથ છૂટી ગયો, અને તું હળવે હળવે, ક્ષણે ક્ષણે મારાથી, અમારા સૌથી દૂર દૂર જઈ રહ્યો હતો. શરુઆતના થોડા કલાકો હું એકલો જ એ જાણતો હતો કે હું તને ગુમાવી રહ્યો છું, પરંતુ કોઈને કહી શકું એમ પણ નહોતો કે તું હવે અમને કદી મળીશ નહિં, તારી ટીખળો, તોફાન અને મસ્તી પર ગુસ્સે થતા અમે સૌ હવે કોના પર ગુસ્સે થઈશું ? હું અને અમે સૌ તને કાળમાં વિલીન થતો જોઈ રહ્યાં !

અમદાવાદ રેલવે સ્ટેશન પર એક સવારે દિલ્હીથી આવતી ટ્રેઈનમાં એક રાજસ્થાની યુવાન ઉતરે છે. એને લેવા એક ગુજરાતી પરીવાર અવ્યો છે. એ યુવાનનું ભાવપૂર્વક સ્વાગત થાય છે. આ યુવકને મળીને અમદાવાદી પરીવાર ભાવુક બની જાય છે. તેને ઘરે લઈ જવાય છે. તેને લઈને પરીવાર એક લગ્નવાડીએ પહોંચે છે. પિયરપક્ષ તરફ એ યુવાનને બેસાડાય છે. કન્યાદાન વિદાય વેળાએ સૌના આશ્ચર્ય વચ્ચે કન્યાની માતાની સાથે આ યુવક પોતાના જમણા હાથથી કન્યાને આશીર્વાદ આપે છે. વાત જાણે એમ છે કે . . .

બ્રેઈનડેડ વ્યક્તિનું અંગદાન કરનારના કુટુંબીજનોની કોઈ વિશીષ્ટ માંગણી હોય તો સરકાર તે માંગણી માન્ય રાખે છે, અન્યથા અંગદાન કરનાર અને અંગદાન મેળવનાર વ્યક્તિ કે તેના કુટુંબીજનોને પરસ્પરની કોઈ માહિતી આપવામાં આવતી નથી. આમ કરવા પાછળ પણ ઘણા કારણો હોય છે. પરંતુ અંગદાન કરનાર કે અંગદાન મેળવનાર વ્યક્તિ કે તેના કુટુંબ તરફથી જો કોઈ વાજબી કારણ હોય તો તેમને એવી માહિતી આપવામાં આવે છે અથવા તો તેમનો સંપર્ક કરાવી આપવામાં આવે છે.

અમદાવાદની સિવિલ હોસ્પીટલમાં થોડા વર્ષો પહેલાં એક બ્રેઈન ડેડ શિક્ષકના આપ્તજનોએ અંગદાન માટે સહમતિ આપી. આંતરિક અંગોની સાથે સથે આ દર્દીના હાથનું પણ દાન અપાયું. આ હાથ રાજસ્થાનના કોઈ યુવકને લાગ્યો હતો. અંગદાન આપનાર પરીવારે અંગદાન કરતી વખતે એક વિનંતી કરી હતી કે, અંગદાન કરનાર વ્યક્તિની દીકરીના લગ્ન વખતે જેને હાથ મળે તે વ્યક્તિ આવીને તે હાથે દીકરીને આશીર્વાદ આપે. આવા જ એક હાથનું અંગદાન મેળવનાર બાળકના હાથે જેનો હાથ લાગ્યો હતો તેની બહેન આજે પણ દર વર્ષે રાખડી બાંધે છે.

આવી તો અપરંપાર સ્ટોરીઝ છે જેના પ્રત્યે આપણું ધ્યાન નથી ગયું, અથવા આપણે દુર્લક્ષ સેવ્યું છે. હા જે લોકોને કદાચ આવી સ્ટોરીઝ સ્પર્શી પણ ગઈ હશે તો પણ જીવનની હોડમાં ક્યાંક ને ક્યાંક વિસારી ચુક્યા હશે. પરંતુ હકીકત છે કે આપણા જીવનમાં જ્યારે આવા નિર્ણયાત્મક તબક્કે આવીએ છીએ ત્યારે આપણું અંતરમન હંમેશ અંગદાનની પ્રક્રીયાની કલ્પનાથી ધ્રુજી ઉઠે છે અને પરીણામે મૃત વ્યક્તિનું શરીર અગ્નિના હવાલે કરીને એ શરીરના જીવંત અંગોના કારણે જીવન અને મૃત્યુની સરહદે ઉભેલી થોડી વ્યક્તિઓને જાણે અજાણે મૃત્યુ તરફ આગળ વધવા દઈએ છીએ.

સમગ્ર એશિયા ખંડમાં સૌથી મોટી ગણાતી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં અંગદાનની પ્રવૃતિની શરુઆત ૨૭મી ડીસેમ્બર ૨૦૨૦ના રોજ શરૂ થઈ હતી. આ પ્રવૃતિ 'સ્ટેટ ઓર્ગન એન્ડ ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન' (જી) તરીકે રજીસ્ટર્ડ છે. આ જ રીતે 'નેશનલ ઓર્ગન એન્ડ ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન' (ર્દ્ર) નામની પણ એક રાષ્ટ્રીય સ્તરની સંસ્થા છે. આ બન્ને સંસ્થાઓના યુનિક સોફ્ટવેર છે. આ સોફ્ટવેરની મદદથી જ્યારે પણ અંગદાન થાય ત્યારે સોફ્ટવેર જ આ અંગો કોને જશે તેનું મેચિંગ કરે છે. ત્યાર બાદ આખી એક કવાયત શરુ થાય છે. જેટલા મેચ થયા હોય એ દર્દીઓને તૈયાર કરવાની, અંગદાન કરનારના અંગોમાંથી અંગો કાઢીને જરૂરીયાત મુજબ બાય રોડ ગ્રીન કોરીડોર, અથવા કોમર્શીયલ ફ્લાઈટ અથવા સમય અનુકૂળ ન હોય તો ચાર્ટર્ડ ફ્લાઈટથી પણ મોકલવામાં આવે છે. સક્ષમ દર્દી ઓપરેશન વગેરેનો ખર્ચ ભોગવે છે, જ્યારે સામાન્ય દર્દી માટેનો તમામ ખર્ચ સરકાર ભોગવતી હોય છે.

સન. ૨૦૨૦માં અમદાવાદ ખાતે શરૂ થયેલી અંગદાનની ઉમદા પ્રવૃત્તિનો ચિતાર કઈક આવો છે. સન. ૨૦૨૦ થી આજ સુધીમાં તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ થયેલું અંગદાન ગાંધીનગરના શ્રી મૃગેશ શર્માનું ૧૦૨મું અંગદાન હતું. આ તમામ બ્રેઈન ડેડ અંગદાતાઓના કેટલા અંગોએ કેટલા લોકોને જીવતદાન બક્ષ્યું છે તે સમજવા જેવું છે. કુલ અંગોના દાનનો આંકડો લગભગ ૩૯૦ ઉપર જાય છે. કુલકુલ ૨૯૦ ઉપર જીવન બચ્યા છે, જેમાં ૮૫ લીવર, ૧૭૨ કીડની, ૦૯ થી વધુ સ્વાદુપિંડ, ૩૧ જેટલા હૃદય, ૬ હાથ, ૨૬ જેટલા ફેફસાં, ૨ નાના આંતરડા અને ૭૨થી વધુ નેત્રનું દાન થયું છે.

ભારતીય ધર્મ અને મરણોત્તર વિધિ-વિધાનોમાં એવી માન્યતા છે કે મૃત વ્યક્તિના અગ્નિ સંસ્કાર વખતે શરીર અક્ષત હોવું જોઈએ, અન્યથા વૈતરણી પસાર કરીને વૈકુંઠમાં પ્રવેશ મળતો નથી! આ સિવાય બ્રેઈન ડેડ વ્યક્તિના નિકટના સ્નેહીજનો પોતાના વ્હાલાના શરીરમાંથી ચીરફાડ કરીને અંગો કાઢવાની કલ્પના માત્રથી ધ્રુજી જતા હોય છે અને ઘસીને અંગદાન માટે ના પાડી દે છે. આ સંવેદનશીલ સમય-અવસ્થામાં જો કોઈ નિકટજન સ્વસ્થતા રાખીને કુટુંબીઓને સમજાવી શકે તો એક ઘરમાં ઊતરી આવેલું અંધારુ, અનેક ઘરોના ઉજાસનું કારક બની જાય છે. આજે આ વાત હું માત્ર ઉપદેશ હેતુ નથી કહેતો, કારણ કે મેં, અમે અને મુખ્ય તો આપણા લેખના ૧૦૨મા અંગદાતા શ્રી મૃગેશ શર્માની પત્ની નેહલ શર્માએ પોતાના ઘરમાં ઉતરી આવેલા કાળના ઓછાયાને અંગદાનની મશાલમાં રૂપાંતરિત કરીને પાંચ જીવન બચાવ્યા, આ પાંચેય વ્યક્તિના કુટૂંબીઓના ચહેરા પર સ્મિત લાવવાનું કારણ બન્યા છીએ. મૃગેશ ભલે માત્ર ૩૯ વર્ષની અલ્પ જિંદગીમાં આઉટ થયો, પરંતુ તે હંમેશા ૧૦૨ નોટ આઉટ જ રહેશે. તને, તારી પત્ની નેહલ અને તમારા સમગ્ર પરીવારને વંદન.

**હેન્ડબ્રેક:**
જેની પાસે જીવવા માટે કોઈ ઉદ્દેશ્ય નથી,
તો તેની જીવન જીવની યોગ્યતા ક્યાં ?
- માર્ટિન લ્યુથર કિંગ, જુનિયર

djtrivedi@yahoo.com
મો:૯૯૭૮૪૦૫૯૬૭